APPENDIX VI

*
*
*
*
****

MINNESOTA TEACHER ATTITUDE INVENTORY

*******

મીનેસોટા શિક્ષક વલણમાપિની (ફોર્મ એ)

: રચનાર :

(વોલ્ટર કૂક, કેરોલ લીડ્ઝ, રોબર્ટ કેલીસ)

: ગુજરાતી રૂપાંતર :

ડૉ. કુલીન પડયા
ડીપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન
દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી

---

(જ્યાં સુધી પાનું ફેરવવાનું ન કહેવાય ત્યાં સુધી ફેરવશો નહિ)

(સૂચના)

૧. આ વલણમાપિનીમાં ૧૫૦ વિધાનો છે. તે પ્રત્યે તમારે તમારો અભિપ્રાય દર્શાવવાનો છે. બધાં જ વિધાનો અંગેનો અભિપ્રાય દર્શાવશો.

૨. આ વિધાનો અંગે વ્યાપક મતવૈવિધ્ય પ્રવર્તે છે, તેથી કોઇ ઉત્તર સાચો, અને અન્ય ઉત્તર ખોટા એવું નથી. તમે પોતે આ વિધાનો અંગે ખરેખર શું માનો છો તે દર્શાવવું જ અગત્યનું છે. તેથી કશા સંકોચ કે ખચકાટ વગર તમને જેવો ઉત્તર આપવો હોય તેવો આપશો.

૩. પ્રત્યેક વિધાન વાંચી તમે તેની બાબતમાં "સંપૂર્ણ સંમત", "સંમત", "અનિશ્ચિત", "અસંમત" અને "સંપૂર્ણ અસંમત" — એ પાંચમાંથી કઇ મનઃસ્થિતિ ધરાવો છો તે નક્કી કરો. પછી યોગ્ય ખાનામાંના આંકડા પર (○) કરો. તમારે તમારો ઉત્તર સાથે આપવામાં આવેલ જવાબપત્રમાં આપવાનો છે.

૪. કોઇ એક વિશિષ્ટ કે વ્યક્તિગત ઉદાહરણના સંદર્ભમાં અભિપ્રાય ન આપશો. સામાન્ય રીતે શું હોવું જોઇએ તે દૃષ્ટિબિંદુ રાખી ઉત્તર આપશો.

૫. સમય મર્યાદા નથી, પણ બને તેટલી ઝડપથી ઉત્તર આપશો:

: : : : :
:

## મીનેસોટા શિક્ષક વલણમાપિની

૧. મોટા ભાગનાં બાળકો આજ્ઞાંકિત હોય છે.

૨. જે વિદ્યાર્થીઓ બહુ ચબરાક દેખાવાનો પ્રયત્ન કરે છે તેમને પોતાની જાત વિષે વધુ પડતો ઊંચો અભિપ્રાય હોય છે.

૩. નાના નાના શિસ્તના પ્રશ્નોને કેટલીકવાર ખેલદિલીથી હળવા સ્વરૂપે હસી કાઢવા જોઇએ.

૪. બહાદુરી કરતાં શરમાળપણું વિદ્યાર્થી માટે સારું છે.

૫. અધ્યાપનકાર્ય કદી કંટાળાજનક બનતું નથી.

૬. મોટા ભાગના વિદ્યાર્થીઓને શિક્ષકો તેમને માટે જે કરે છે તેની કદર હોતી નથી.

૭. વર્ગમાં હસવા યોગ્ય પ્રસંગ ઉભો થાય અને વિદ્યાર્થીઓ હસે, તેની સાથે શિક્ષક પણ હસવામાં ભળે તો વર્ગવ્યવસ્થા કાબુ બહાર જતી રહે છે.

૮. બાળક કોની કોની સાથે સોબત રાખે છે તેની કેટલાક શિક્ષકો વધારે પડતી તકેદારી રાખતા હોય એમ લાગે છે.

૯. બાળક પોતાના ગમા-અણગમા કોઇ સમક્ષ વ્યક્ત ન કરે એવી ટેવ તેને પાડવી જોઇએ.

૧૦. કેટલીક વાર અન્ય બાળકોની હાજરીમાં કોઇ બાળકને ઠપકો આપવો પડે, તો તેનાથી તેનું ભલું જ થાય છે.

૧૧. બાળકને પક્ષે કદી પણ સામો પ્રશ્ન ન કરે એવું આજ્ઞાધારકપણું હિતકારક નથી.

૧૨. બાળકોને ઘરે વધારે અભ્યાસ અને "લેસન" કરવાની ફરજ પાડવી જોઇએ.

૧૩. બાળકે પહેલો પાઠ એ શીખવાનો છે કે શિક્ષકની આજ્ઞાનું કશી પણ આનાકાની વગર પાલન કરવું.

૧૪. આજ કાલના જુવાનિયાઓને સમજવા અઘરા છે.

૧૫. વર્ગખંડમાં "વ્યવસ્થા" જાળવવા પર જે ભાર મૂકાય છે તે વધુ પડતો છે.

૧૬. બાળકની નિષ્ફળતા માટે શિક્ષક ભાગ્યે જ જવાબદાર હોય છે.

૧૭. એવા પ્રસંગો પણ આવે છે, જ્યારે શિક્ષક વિદ્યાર્થી સાથેના વર્તાવમાં ધીરજ ખોઈ બેસે, તો તેનો વાંક કાઢી ન શકાય.

૧૮. શિક્ષકે વિદ્યાર્થીઓ સાથે કદી પણ જાતીય પ્રશ્નોની ચર્ચા ન કરવી જોઈએ.

૧૯. આજના જમાનાની શાળામાં વિદ્યાર્થીઓને બહું ફાવતું પડી ગયું હોય છે, એને વધુ પડતી મઝા કરવાની મળે છે.

૨૦. વિદ્યાર્થીઓના પ્રશ્નોનો બોજો ઉપાડવાની અપેક્ષા આમેય કામથી લદાય ગયેલા શિક્ષક પાસે ન રાખવી જોઈએ.

૨૧. વિદ્યાર્થીઓ ભણવા માટે શિક્ષક પાસે વધારે પડતી આશા રાખે છે.

૨૨. કોઈ બાળકના વાલીને મળવા જવાનું હોય, તો તે માટે શિક્ષક પોતાને મળતી એકાદ સાંજના આનંદનો ભોગ આપે એવી અપેક્ષા રાખવી અઘટિત છે.

૨૩. મોટા ભાગના વિદ્યાર્થીઓ પોતાના પાઠ તૈયાર કરવા માટે જરૂરી મહેનત કરતા હોતા નથી.

૨૪. આજ કાલ વિદ્યાર્થીઓને મનફાવતું કરવાની છૂટ જરૂર. કરતાં વધુ પ્રમાણમાં આપવામાં આવી રહી છે.

૨૫. બાળકોની જરૂરિયાતો મોટી ઉંમરની વ્યક્તિઓની જરૂરિયાતો જેટલી જ અગત્યની છે.

૨૬. બાળકો આજ્ઞાનું પાલન ન કરે ત્યારે શિક્ષકો મોટે ભાગે જવાબદાર હોય છે.

૨૭. કશો પ્રતિવાદ કર્યા સિવાય શિક્ષકની આજ્ઞાનું પાલન કરવાનું બાળકને શીખવાડવું જોઈએ.

૨૮. બડાશખોર બાળક સામાન્ય રીતે પોતાની શક્તિઓ વિષે વધુ પડતી ધારણાવાળો હોય છે.

૨૯. બાળકો સ્વભાવે અવ્યવસ્થા પેદા કરનારાં અને તોફાની હોય છે.

૩૦. વિદ્યાર્થીની વાત પર શિક્ષકે વધુ પડતો વિશ્વાસ રાખવો ન જોઈએ.

૩૧. કેટલાક વિદ્યાર્થીઓ વધુ પડતા સવાલો પૂછતા હોય છે.

૩૨. વિદ્યાર્થી જ્યારે મોઢેથી ઉત્તર બોલતો હોય ત્યારે તેણે ઊભા રહેવાની જરૂર ન હોવી જોઇએ.

૩૩. કોઇ બાળકના માતાપિતા તેને સમાલી ન શકતા હોય, તો શિક્ષક તેને સમાલે એવી અપેક્ષા રાખવી ખોટી છે.

૩૪. શિક્ષકે વિદ્યાર્થીઓ સમક્ષ પોતાને અમુક વિષય કે વિષયવસ્તુ નથી આવડતાં એમ કદી કબુલ કરવું ન જોઇએ.

૩૫. અત્યારની શાળાઓમાં શિસ્ત જોઇએ તેટલી કડક નથી.

૩૬. મોટા ભાગના વિદ્યાર્થીઓમાં સર્જનાત્મક કલ્પનાનો અભાવ હોય છે.

૩૭. વિદ્યાર્થી વિદ્યાર્થી વચ્ચે કાર્યક્ષમતાનું ધોરણ જુદું હોય એ સ્વાભાવિક છે.

૩૮. મોટા ભાગના વિદ્યાર્થીઓ પોતાની જવાબદારી પ્રત્યે સભાન હોય છે.

૩૯. વર્ગખંડમાં શિસ્ત જળવાય તે માટે શિક્ષકે કડક બનવું જરૂરી છે.

૪૦. નિષ્ફળતા કરતાં સફળતા વ્યક્તિ માટે વધુ પ્રેરણાદાયક હોય છે.

૪૧. વિદ્યાર્થીના કાલ્પનિક તુક્કાઓ જૂઠાણાં જેટલાં જ સજાને પાત્ર છે.

૪૨. આઠમા ધોરણમાં દાખલ થનાર દરેક વિદ્યાર્થીની વાચનક્ષમતા આઠમા ધોરણની કક્ષાની હોવી જ જોઇએ.

૪૩. અભ્યાસમાં પાછળ રહેતા કોઇ વિદ્યાર્થીને અભ્યાસ માટે અભિપ્રેરીત કરવો હોય તો એક સુંદર ઉપાય તેના અધુરપભર્યાં કાર્યની તુલના કોઇ હોશિયાર વિદ્યાર્થીના કાર્ય સાથે કરી વર્ગમાં જ તેની ટીકા કરવાનો છે.

૪૪. છોકરો કે છોકરી અતિ ચંચળ અને ધુની હોય તેના કરતાં તો સંકોચશીલ અને શરમાળ હોય તે વધારે સારું.

૪૫. કોઇ વિદ્યાર્થીને સજા કરવા ખાતર તેના માર્ક કદી ઘટાડવા ન જોઇએ.

૪૬. વિદ્યાર્થીઓને તો જૂના જમાનાની રીત પ્રમાણે શારીરિક સજા કરવાની જ જરૂર છે.

૪૭. પોતાના શિક્ષક બધી વસ્તુઓ સૌથી સારી રીતે જાણે છે એવી છાપ વિદ્યાર્થીઓ પર પાડવી જ જોઇએ.

૪૮. વર્ગખંડમાં વિદ્યાર્થીઓને વધુ પડતી સ્વતંત્રતા આપવાથી ગેરવ્યવસ્થા પેદા થાય છે.

૪૯. શાળામાંથી ભાગી જનાર રખડું વિદ્યાર્થીઓ પ્રત્યે શિક્ષક સહાનુભૂતિ બતાવે એવી અપેક્ષા ન રાખી શકાય.

૫૦. આજે શિક્ષકોનું વિદ્યાર્થીઓ પર જેટલું નિયંત્રણ છે તે અપૂરતું છે, તેનાથી વધુ હોવું જરૂરી છે.

૫૧. કોઇ પણ શિક્ષકને માટે સૌથી ધ્યાન આપવા જેવી બાબત વર્ગમાં શિસ્ત જાળવવાની છે.

૫૨. જેના માર્ક ઓછા આવે છે અને જેનું કામ અપેક્ષા કરતા નીચું હોય છે, તે મોટે ભાગે પૂરતી મહેનત કરતો નથી હોતો.

૫૩. શાળામાં માર્ક અને ગ્રેડને શિક્ષકો તથા વિદ્યાર્થીઓ દ્વારા જે મહત્વ અપાઇ રહ્યુ છે તે વધારે પડતું છે.

૫૪. મોટા ભાગનાં બાળકો વડીલો તરફ સામાન્ય વિવેક પણ બતાવતા હોતા નથી.

૫૫. આક્રમક સ્વભાવવાળાં બાળકો એ શિક્ષકને મન સૌથી મોટી સમસ્યા છે.

૫૬. કોઇ ગુના માટે સાચો ગુનેગાર ન શોધી શકાય, તો આખા વર્ગને તે-માટે સજા કરવી જોઇએ.

૫૭. ઘણા શિક્ષકો વિદ્યાર્થીઓ સાથે જોઇએ તેટલા સખત થતા નથી.

૫૮. બાળકોને તો સંભળાવવાનું જ હોય, તેમનું સાંભળવાનું ન હોય.

૫૯. કોઇપણ શિક્ષક માટે કદીક તો નિષ્ફળતા આવે જ છે, તેનાથી તેનું ચારિત્ર્ય વધુ ઘડાય છે.

૬૦. શિસ્તની સમસ્યાઓને પેદા થતી અટકાવવી એ તો મુશ્કેલ છે, એના કરતાં એવી સમસ્યાઓ પેદા થાય ત્યારે તેનો ઉકેલ કરવો વધુ સરળ છે.

૬૧. બાળકો સામાન્ય રીતે વર્ગમાં એકબીજા સાથે વધુ પડતું હળેમળે છે.

૬૨. મોટા ભાગનાં બાળકોને જો સ્વતંત્રતા આપવામાં આવે, તો તેઓ માથે લીધેલું કામ કરવા માટે જરૂરી કુનેહ દર્શાવે છે.

૬૩. આજ કાલ વર્ગમાં ઘણી વાહિયાત વસ્તુઓ શિક્ષણને નામે ચાલે છે.

૬૪. વિદ્યાર્થીઓ શાળામાંથી ભાગી જાય તેમાં ઘણીવાર દોષ શાળાનો પણ હોય છે.

૬૫. બાળકો વધુ પડતા બેદરકાર હોય છે.

૬૬. જે વિદ્યાર્થીઓ રોજનું ઘરકામ ન કરી લાવે તેને શાળા સમય બાદ રોકી ઘરકામ કરાવવું જોઇએ.

૬૭. નીચલા વર્ગના, આદિવાસી અને હરિજન વિદ્યાર્થીઓ શિક્ષકના કામને બહુ કંટાળા ભરેલું બનાવે છે.

૬૮. મોટા ભાગના વિદ્યાર્થીઓને, જો શીખવવામાં આવે તો, સારું ગુજરાતી બોલવાનું ગમે.

૬૯. વિદ્યાર્થીને સજા કરવાની એક અસરકારક રીત તેને ઘણું બધું ઘરકામ કરવાનું આપવું એ છે.

૭૦. વિદ્યાર્થી પરીક્ષામાં ચોરી કરે અથવા ઘરકામમાં કોપી કરે એ ખૂબ ગંભીર નૈતિક ગુનો ગણવો જોઇએ.

૭૧. બાળકોને શૈક્ષણિક પ્રવૃત્તિ કરવામાં વધુ સ્વતંત્રતા આપવાની જરૂર છે.

૭૨. શિક્ષકો શિક્ષકો છે એટલા ખાતર પણ વિદ્યાર્થીઓએ તેમને માન આપવું જોઇએ.

૭૩. સમાજમાં અમુક પ્રકારનું વર્તન શા માટે કરવું જોઇએ તેનું કારણ જાણવું વિદ્યાર્થીઓ માટે જરૂરી નથી.

૭૪. પોતે કયા વિષય કે વિષયો ભણવા તે નક્કી કરવા માટે વિદ્યાર્થીઓ સમર્થ હોતા નથી.

૭૫. બાળકે કદી પણ સત્તા સામે બળવો કરવો જોઇએ નહિ.

૭૬. બાળકો સાથેના વ્યવહારમાં આજે વધુ પડતી છૂટછાટ જોવા મળે છે.

૭૭. ગંભીર અશિસ્તના પ્રશ્નોના ઉદ્ભવમાં શિક્ષકનો દોષ ભાગ્યે જ હોય છે.

૭૮. બાળકોના તરંગો, તુક્કાઓ અને અવિચારી લાગતાં કાર્યો પણ ધ્યાન આપવા લાયક તો હોય છે જ.

૭૯. બાળકોને શિક્ષકોની સૂચનાઓનું પાલન કરતાં ઘણી મુશ્કેલી પડે છે.

૮૦. આજકાલ બાળકોને શાળામાં વધુ પડતી છૂટછાટ આપવામાં આવે છે.

૮૧. સાત વર્ષની ઉંમરનાં બધાં બાળકોને વાંચતા આવડવું જ જોઇએ.

૮૨. બધા બાળકોને શાળામાં પ્રવેશવાની સાર્વત્રિક છૂટ સિધ્ધિનાં ધોરણોને નીચાં લાવે છે.

૮૩. બાળકો યોગ્ય રીતે વિચાર કે તર્ક કરી શકતાં નથી.

૮૪. પોતાના વિદ્યાર્થીઓ પોતાને માટે મજાકયુક્ત આડભાષા વાપરે તે શિક્ષકે કદી સહન કરી લેવું જોઇએ નહિ.

૮૫. જે બાળક અયોગ્ય વર્તન કરે તેને શરમનો અને ગુનેગારપણાનો ભાવ પેદા થાય એવું કરવું જ જોઇએ.

૮૬. ચાલુ શિક્ષણકાર્ય દરમિયાન જો કોઇ વિદ્યાર્થીએ કશું કહેવું હોય તો તેણે પહેલાં શિક્ષકની પરવાનગી લેવી જ જોઇએ.

૮૭. વિદ્યાર્થીઓએ અન્ય વડીલોને જેટલું માન આપતા હોય તેટલું જ માન શિક્ષકોને આપવું જોઇએ, તેનાથી વધુ માન આપવું અનિવાર્ય નથી.

૮૮. વર્ગમાં ચીજ વસ્તુઓની આમતેમ ફેંકાફેંક કરતા વિદ્યાર્થીઓ સખત સજાને પાત્ર છે.

૮૯. જે શિક્ષકો વિદ્યાર્થીઓને સૌથી વધુ પ્રિય હોય છે, તેમને બાળકોના સ્વભાવ અને જરૂરિયાતની વધારે સારી સમજણ હોય છે.

૯૦. મોટા ભાગના વિદ્યાર્થીઓ શિક્ષકને સહકાર આપી તેનું કામ સરળ બનાવવા ઇચ્છતા હોય છે.

૯૧. મોટા ભાગના શિક્ષકો પોતાના અધ્યાપન દરમિયાન જોઇતા પ્રમાણમાં દૃષ્ટાંતો અને સમજૂતી આપતા નથી.

૯૨. આજકાલ શાળામાં ઘણી એવી પ્રવૃત્તિઓ દાખલ કરવામાં આવી છે જેનાથી શિક્ષકનો બોજો નીચો પડે છે.

૯૩. બાળકોને અત્યારે વર્ગખંડમાં મળે છે તેના કરતાં વધારે સ્વતંત્રતા મળવી જોઇએ.

૯૪. મોટા ભાગના બાળકો શિક્ષકોની મરજી—નામરજી પ્રત્યે વિના કારણે બેદરકાર રહે છે.

૯૫. વડીલો બોલતા હોય ત્યારે બાળકોએ બોલવાની ઇચ્છા દબાવવી જોઇએ.

૯૬. નવી શિક્ષણ સામગ્રીને અપનાવવામાં શિક્ષકોની તુલનામાં બાળકો સામાન્ય રીતે ધીમા હોય છે.

૯૭. પોતાના પ્રત્યેક વિદ્યાર્થીના ઘરના સંજોગો જાણવા એ શિક્ષક માટે વ્યવસાયી જવાબદારી છે.

૯૮. કેટલીક વાર વિદ્યાર્થીઓની વાતો અને વર્તન અતિશય કંટાળાજનક હોય છે.

૯૯. બાળકોએ જાતીયતા વિષે પ્રશ્નો પૂછવા અયોગ્ય છે.

૧૦૦. બાળકોને તેમણે શું કરવાનું છે અને કેવી રીતે કરવાનું છે તે બધું જ શિક્ષકે કહી દેવું જોઇએ.

૧૦૧. મોટા ભાગના વિદ્યાર્થીઓને શિક્ષકો માટે સમભાવ હોય છે.

૧૦૨. વર્ગમાં વિદ્યાર્થીઓની વાતચીતનો ગણગણાટ કોઇ પણ સંજોગોમાં સહી ન લેવાય.

૧૦૩. શરમાળ વિદ્યાર્થીઓને ઉત્તર આપતી વખતે ઊભા રહીને ઉત્તર આપવાનું ખાસ કહેવું જોઇએ.

૧૦૪. શિક્ષકોએ વિદ્યાર્થી વર્તણુંકના પ્રશ્નો પર અત્યારે આપે છે તેના કરતાં વધુ ધ્યાન આપવું જોઇએ.

૧૦૫. શિક્ષકે વિદ્યાર્થીઓને વર્ગસંચાલન અને વર્ગવ્યવસ્થાની જવાબદારી કદી ન સોંપવી જોઇએ.

૧૦૬. શિક્ષકને મહેનતાણું આપવામાં આવે તેનાથી વધુ કામ તે કરે એવી અપેક્ષા નહિ રાખવી જોઇએ.

૧૦૭. કેટલાક વિદ્યાર્થીઓ એટલા ત્રાસજનક હોય છે કે તેની જોડ નથી.

૧૦૮. અમલીકરણની શક્તિનો અભાવ એ વિદ્યાર્થીની નિષ્ફળતાના કારણોમાંનું એક અગત્યનું કારણ છે.

૧૦૯. આજકાલના જુવાનિયા વધુ પડતા નાદાન અને ક્ષુલ્લક બાબતોમાં રાચનારા હોય છે.

૧૧૦. એવું સર્વત્ર જોવા મળે છે કે શિક્ષકો પોતાના વિદ્યાર્થીઓ પ્રત્યે જરૂર કરતાં વધુ ઉદાર અને ઢીલા હોય છે.

૧૧૧. ભણવામાં અને કામ કરવામાં મંદ વિદ્યાર્થીઓ સાથે આપણી ધીરજનો અંત આવી જાય છે.

૧૧૨. માર્ક કે ગ્રેડ આપવામાં જે સ્પર્ધાનું તત્વ રહેલું છે તેને લીધે તે મૂલ્યવાન પ્રથા બને છે.

૧૧૩. વિદ્યાર્થીઓને તો શિક્ષકોને ચોઢવવામાં જ આનંદ મળે છે.

૧૧૪. બાળકો સામાન્ય રીતે જાતે વિચાર કરવાનું પસંદ કરતા નથી.

૧૧૫. વર્ગના નિયમોને અનુલ્લંઘનીય માનવા ઘટે.

૧૧૬. મોટા ભાગના વિદ્યાર્થીઓ શાળામાં મઝા જ કરે છે અને કશું નક્કર કામ કરતાં શીખતા નથી. (સાચા અર્થમાં કશું શીખતા નથી)

૧૧૭. બાળકો એટલા મજાના અને પ્રિય હોય છે, કે તેમની ખામીઓને માફ કરવી મુશ્કેલ નથી.

૧૧૮. અશ્લીલ લખાણો લખતા વિદ્યાર્થીને સખત સજા થવી જોઇએ.

૧૧૯. શિક્ષકને બાળકો સાથેના વ્યવહારમાં ખરેખરો (હાર્દિક) આનંદ ભાગ્યે જ થતો હોય છે.

૧૨૦. કામ કરવાની શ્રેષ્ઠ રીત એક જ હોય છે અને તે શિક્ષકોએ વિદ્યાર્થીઓને બતાવવી જોઇએ. તેનું જ નામ શિક્ષણ.

૧૨૧. બાળકોના રસ પર શિક્ષણકાર્યનો આધાર હોવો જોઇએ એ સિદ્ધાંત યોગ્ય નથી.

૧૨૨. કેટલાક વિદ્યાર્થીઓ શાળા ખુલવાના સમય કરતાં ઘણા પહેલા શાળામાં આવી જાય છે. તેમનું આવું વર્તન બુદ્ધિયુક્ત ન ગણાય.

૧૨૩. શાળાના ધોરણો સંતોષી ન શકે તે બાળકોને શાળામાંથી કાઢી મુકવા જોઇએ.

૧૨૪. બાળકો વધુ પડતું કુતુહલ બતાવે છે તે યોગ્ય નથી.

૧૨૫. બાળકોને આપેલા બધા જ વચનો પાળવા જોઇએ એવું નથી.

૧૨૬. આજકાલ બાળકોને વધુ પડતી સ્વતંત્રતા આપવામા આવે છે.

૧૨૭. શિક્ષક ધારે તો કોઇપણ બાળક સાથે કામ કરી શકે.

૧૨૮. બાળકોમા પોતાના નિર્ણયો કરવા જેટલી પરિપક્વતા હોતી નથી.

૧૨૯. પોતાના નખ કરડતા બાળકે શરમાવું જોઇએ.

૧૩૦. જો બાળકોને તક અને છૂટ આપવામા આવે તો તેઓ જાતે વિચાર કરી નિર્ણયો લઇ શકે છે.

૧૩૧. કેટલાક બાળકો વધુ પડતા ભાવુક (લાગણીશીલ) હોય છે તે યોગ્ય નથી.

૧૩૨. બાળકો પર વિશ્વાસ રાખી જ ન શકાય.

૧૩૩. બાળકો પર જે નિયંત્રણો મૂકવામા આવે તેની પાછળ રહેલા કારણો તેમને સમજાવવા જોઇએ.

૧૩૪. મોટા ભાગના વિદ્યાર્થીઓને ભણવામા રસ જ નથી.

૧૩૫. જે વિષયો વિદ્યાર્થીઓને અઘરા અને કંટાળાજનક લાગે તે જ તેમને સૌથી વધુ ફાયદાકારક પૂરવાર થાય છે.

૧૩૬. વડીલો અને શિક્ષકો પોતાની પાસે શી શી અપેક્ષાઓ રાખે છે (વર્તનની અને અભ્યાસની), તેનાથી વિદ્યાર્થી હંમેશા અને સંપૂર્ણ જાણકાર હોવો જોઇએ.

૧૩૭. સહશિક્ષણવાળી શાળાઓમા છોકરા-છોકરીઓ વચ્ચે વધુ પડતું હળવા ભળવાનું થાય છે.

૧૩૮. જે બાળકની જીભ તોતડાતી હોય, તેની પાસે વારંવાર બોલાવવું જોઇએ.

૧૩૯. કોઇ બાળક માંદગી વિષેની કાલ્પનિક ફરિયાદ વારંવાર કર્યા કરતું હોય, તો શિક્ષકે તેના તરફ ધ્યાન ન આપવું જોઇએ.

૧૪૦. વિદ્યાર્થીઓમા અશ્લિલ લખાણો લખવાનું પ્રમાણ શિક્ષકો કહે છે એટલું બધું હોતું નથી.

૧૪૧. વિદ્યાર્થીઓ પોતાને ચાહે એવી અપેક્ષા શિક્ષક રાખે એ જ વ્યર્થ છે.

૧૪૨. કેટલીય પુખ્ત ઉંમરની વ્યક્તિઓ કરતાં બાળકો વધુ સંસ્કારી હોય છે.

૧૪૩. આક્રમક સ્વભાવનાં બાળકો તો સૌથી વધુ ધ્યાન અને માવજતને લાયક છે.

૧૪૪. વિદ્યાર્થીઓની માફક કોઈક વાર શિક્ષકોનો પણ દોષ હોઈ શકે.

૧૪૫. આગલી પેઢીના માણસો જેટલા જ આજના યુવાનો પણ સારા છે.

૧૪૬. વર્ગમાં કે શાળામાં વ્યવસ્થા રાખવાનો પ્રશ્ન કેટલાક શિક્ષકો કહે છે તેટલો મુશ્કેલ નથી.

૧૪૭. શિક્ષકની માન્યતાથી જાહેરમાં જુદા પડવાનો વિદ્યાર્થીને અધિકાર છે.

૧૪૮. મોટા ભાગના વિદ્યાર્થીઓ ફક્ત શિક્ષકોને હેરાન કરવા જ તોફાન કરે છે.

૧૪૯. વિદ્યાર્થીઓને શાળા ગમે એવી આશા રાખવી ખોટી છે.

૧૫૦. વિદ્યાર્થીનું મૂલ્યાંકન કરતી વખતે સિદ્ધિનું જ મૂલ્યાંકન થવું જોઈએ, પ્રયત્નનું નહિ.

: : : : :
: : :
: